જન્મદિને વધામણી

કિન્નાબેન જાની
લાયોનેસ ક્લબ

અનિતા ઢીંગરા
લાયોનેસ ક્લબ

શ્વેતા કૌશિકભાઈ સુખડીયા
મો. ૭૮૧૮૮૧૩૬૭૭

રીવા દ્રોણકુમાર પંડ્યા

ધનુષ ભાવિક શુકલ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

ગાંધીનગરનાં સાત વિદ્યાર્થીઓને

કરાટેની બ્લેક બેલ્ટની પદવી એનાયત કરાઈ

ગાંધીનગર, તા. ૨૪

ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે-ડો એસોસીએશનની ગુજરાત બ્રાન્ચ દ્વારા તાજેતરમાં ગાંધીનગર ખાતે પ્રથમ ડીગ્રી બ્લેક બેલ્ટ એટલે કે બ્લેક બેલ્ટ-શોદાન તથા પ્રોવીઝનલ બ્લેક બેલ્ટની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. સેન્સાઈ શ્રી ગૌરાંગભાઈ રાણાના માર્ગદર્શનમાં ચાર થી છ વર્ષોના નિયમિત કઠોર અભ્યાસ બાદ ગાંધીનગરનાં ત્રણ વિદ્યાર્થીઓએ બ્લેક બેલ્ટ-શોદાન અને ચાર વિદ્યાર્થીઓએ પ્રોવીઝનલ બ્લેક બેલ્ટની પરીક્ષા ઉત્તિર્ણ કરી હતી. એસોસીએશનનાં વાઈસ ચેરમેન તથા ટેક્નિકલ ડાયરેક્ટર તથા નેશનલ કોચ શિહાન શ્રી અરવિંદભાઈ રાણાનાં વરદ હસ્તે આ વિદ્યાર્થીઓને પદવીનાં પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. બ્લેક બેલ્ટ શોદાનની ડીગ્રી મેળવનાર વિદ્યાર્થીઓમાં શ્રી મન ટી. બારોટ, શ્રી પ્રથમસિંહ જે. બિહોલા અને શ્રી સુહાન ટી. પરમારનો સમાવેશ થાય છે. જ્યારે પ્રોવીઝનલ બ્લેક બેલ્ટ મેળવનાર ખેલાડીઓમાં કુ. અંજલી એસ. પીલ્લાઈ, કુ. પ્રાચી એસ. ગજ્જર, શ્રી શીવ વાય. પટેલ અને શ્રી દીપ જે. પટેલનો સમાવેશ થાય છે. આ પ્રસંગે ગુજરાત વાડોકાઈ કરાટે-ડો એસોસીએશનનાં નવનિયુક્ત સંરક્ષક અને શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયનાં આચાર્ય શ્રી યુજરાજસિંહ વાઘેલાએ પણ પદવી મેળવનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. સે-૨૮ ખાતે આવેલ એસોસીએશનની ગુજરાત બ્રાન્ચનાં હેડક્વાર્ટરનાં હોલમાં યોજાયેલા આ પદવીદાન પ્રસંગે શિહાન શ્રી અરવિંદ રાણાએ પણ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં

વસંતપંચમી મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં તા. ૨૨-૦૧-૨૦૧૮ને સોમવારના રોજ વસંતપંચમી મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અંધકાર, જડતાને દૂર કરનાર જ્ઞાનનો પ્રકાશ, અભિવ્યક્તિ પ્રદાન કરનાર, સંગીતની કળા આપનાર દેવી સરસ્વતિનું પૂજન શાળાના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકગણ દ્વારા કરવામાં આવ્યું. સરસ્વતિ દેવી પ્રાગટ્ય પ્રયોજન વિશે તેમજ મા સરસ્વતિની સારસ્વત મૂલ્યોથી વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. મા શારદાની સ્તુતિવંદના, પૂજન કરી બાળકોમાં આધ્યાત્મિક મૂલ્યને કેળવવામાં આવ્યું હતું.

સીબીએસસી દ્વારા ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષાના કાર્યક્રમમાં નજીવો ફેરફાર કરાયો

ગાંધીનગર, તા. ૨૪

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાનો કાર્યક્રમ થોડા સમય અગાઉ જાહેર કરવામાં આવ્યો છે.

અલબત્ત, પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કર્યા બાદ બોર્ડ દ્વારા તેમાં સામાન્ય ફેરફાર કરાયો છે. બોર્ડ દ્વારા આ અંગે સ્કૂલોને પરિપત્ર કરી પરીક્ષાના કાર્યક્રમમાં ફેરફાર કરાયો હોવાની જાણ કરી છે. જે મુજબ ધો-૧૨ની ફિઝિકલ એજ્યુકેશનની પરીક્ષા અગાઉ ૯ એપ્રિલે લેવાનું નક્કી કરાયું હતું. પરંતુ હવે તેમાં ફેરફાર કરી આ પરીક્ષા ૧૩ એપ્રિલના રોજ લેવાનો નિર્ણય લેવાયો છે. આ સિવાય અન્ય વિષયની પરીક્ષાનો કાર્યક્રમ યથાવત રાખવામાં આવ્યો છે.

ઈન્ફોસીટી સ્કૂલમાં સ્પોર્ટસ ડે ઊજવાયો

ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના ધોરણ-૬થી ૯ના વિદ્યાર્થીઓ રમતોત્સવમાં જોડાયા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના પાદરે કાર્યરત ઈન્ફોસીટી સ્કૂલમાં સ્પોર્ટસ-ડેની શાનદાર ઊજવણી કરવામાં આવી હતી.

ઈન્ફોસીટી સ્કૂલમાં સ્પોર્ટસ ડેની ઊજવણીમાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના ધોરણ-૬થી ૯ના વિદ્યાર્થીઓએ અલગ અલગ રમતમાં ભાગ લીધો હતો. આ રમતોમાં ૧૦૦ મીટર દોડ, સંગીતખુરશી, લંગડી દોડ, બુક બેલેન્સ, કોથળા દોડ, લોટમાંથી સિક્કો શોધવો, દોરડા કુદ, લીંબુચમચી, મેમરી ગામ, ફુગ્ગા ફોડ વગેરે જેવી રમતો રમાડવામાં અવી હતી. આવી વિવિધ રમતોથી વિદ્યાર્થીઓમાં રહેલી અંતગર્ત શક્તિઓને બહાર લાવવામાં આવે છે. આ પ્રોગ્રામના અંતે અલ્પાહારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં ઈન્ફોસીટી સ્કૂલના મેનેજીંગ ટ્રસ્ટી દલસાણીયા સર તથા પ્રમુખ શ્રી વૈષ્ણવસર પણ હાજર રહ્યા હતા. આ સંપૂર્ણ કાર્યક્રમ પ્રિન્સીપાલ પ્રવિણાબેન અને સુપરવાઈઝર દિપ્તીબેનના નેતૃત્વ હેઠળ તેમજ તમામ શૈક્ષણિક સ્ટાફના સંપૂર્ણ સહયોગથી પૂર્ણ કરવામાં આવ્યો હતો અને તેમણે દરેકે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

ભાણસાહેબની જગ્યા (ભાણતીર્થ)ને ૨૦૧૮નો દેહાણ વંદના એવૉર્ડ

ગાંધીનગર, તા. ૨૪

સૌરાષ્ટ્ર-ગુજરાતની દેહાણ જગ્યાઓ ધર્મની, સમાજની અનન્ય સેવા કરતી આવી છે. 'જ્યા ટુકડો, ત્યાં હરિ ઢૂકડો'ના સૂત્રને બેદભાવ વિના ચરિતાર્થ કર્યું છે. અભાવગ્રસ્તોના હામી થઈને આંસુ લૂછ્યાં છે. સામ્પ્રત સમયમાં પણ વિવિધ સેવાઓ દ્વારા ઝૂંપડીઓમાં અજવાળાં પાથર્યા છે.

આવી જગ્યાઓને આ એવૉર્ડ અર્પણ કરીને તેમની વંદના કરવાનો ઉપક્રમ મોરારિબાપુની પ્રેરણા અને માર્ગદર્શનમાં વિનમ્રભાવે રચાયો છે.

નિમ્બાર્કાચાર્ય શ્રી હરિવ્યાસજી મહારાજના શિષ્ય પૂ. ધ્યાનસ્વામીએ વ્રજમાંથી વિતરણ કરીને વર્ષો પહેલા સૌરાષ્ટ્રના સેંજળ ગામને પોતાની સાધનાભૂમિ બનાવેલી. આજે ત્યાં એમની 'ચેતન સમાધી' છે. (તેઓ મોરારિબાપુની ભક્તિ પરંપરાના મૂળ પુરુષ છે.) તેમના અધિકારી શિષ્ય પૂ. જીવનદાસજીના વંશમાં મોરારિબાપુનો જન્મ થયો. એ મૂળ પુરુષના પુણ્ય સ્મરણ સાથે આ એવૉર્ડનું નામ જોડવામાં આવ્યું છે અને એવી જગ્યાઓ કે જયાં સર્વના સ્વીકાર સાથે સદાવ્રત (અન્નક્ષેત્ર) ચાલતું હોય, માનવ સેવા, ગૌસેવાના કાર્ય દ્વારા ધર્મ સિંચન થયું હોય તેની વંદના કરવાનો આ પવિત્ર અને સન્માનયુક્ત ઉપક્રમ છે. આ ઉપક્રમ પ્રતિવર્ષ એક દેહાણ જગ્યાની વંદના માટે યોજાય છે.

એ સૌના આનંદની વાત છે કે વર્ષ ૨૦૧૮નો આ એવૉર્ડ સંતશ્રી ભાણસાહેબની જગ્યા (ભાણતીર્થ), મુ. કમીજલા, તા.વિરમગામ જિ. અમદાવાદને અર્પણ થશે. જગ્યાને મહંત શ્રી જાનકીદાસજી ગુરુશ્રી દ્વારકાદાસજી મહારાજ આ એવૉર્ડ સ્વીકારશે.

૨૯મીએ શ્રી નિત્યાનંદ ત્રયોદશી મહોત્સવની હરે કૃષ્ણ મંદિર ખાતે ઉજવણી

ગાંધીનગર, તા. ૨૪

હરે કૃષ્ણ મંદિર, ભાડજ તા. ૨૯ ફેબ્રુઆરી, ૨૦૧૮ ને સોમવાર ના રોજ શ્રી નિત્યાનંદ ત્રયોદશી મહોત્સવની ઉજવણી કરી રહ્યું છે. જે પ્રભુ નિત્યાનંદના અવતરણનો પવિત્ર દિવસ છે જેઓ સાક્ષાત્ ભગવાન શ્રી બલરામનો અવતાર અને શ્રી ચૈતન્ય મહાપ્રભુ (ભગવાન શ્રી કૃષ્ણના સ્વરુપ) ના મુખ્ય સહયોગી છે. ભગવાન શ્રી નિત્યાનંદ "નિતાઈ" તરીકે પણ ઓળખાય છે જેઓ પશ્ચિમ બંગાળના એકચક ગામમાં પ્રગટ થયા હતા. શ્રી ચૈતન્ય મહાપ્રભુનાં હરીનામ સંકિર્તન કરવાનાં ઉદ્દેશમાં મુખ્ય સહાયક હતા તેમજ પરમ દયાળુ ભગવાને પૂર્ણ પુરુષોત્તમ ભગવાનના પ્રેમનો પ્રસાર કર્યો હતો અને ઘણી લીલાઓ કરી જેવી કે પાપી આત્માઓ જગાઈ અને મધાઈ ને છુટકારો અપાવ્યો હતો. ગૌડીય-વૈષ્ણવો આ દિવસે બપોર સુધી ઉપવાસ કરે છે.

નિત્યાનંદ પ્રભુ શ્રી ચૈતન્ય મહાપ્રભુના એક શાશ્વત સખા છે. વૈષ્ણવ આચાર્યો ભારપૂર્વક જણાવે છે કે જેઓ નિત્યાનંદ પ્રભુની કૃપા મેળવ્યા વગર શ્રી ચૈતન્ય મહાપ્રભુને સમજવા અને પામવા માટેનો પ્રયાસ કરે છે તેઓ તેમાં સફળ થતાં નથી. સૌએ ખૂબ જ ભકિતપૂર્વક નિત્યાનંદ પ્રભુને પ્રાર્થના કરવી કે જેથી આદિગુરુ (આધ્યાત્મિક ગુરુ) ચૈતન્ય મહાપ્રભુના પવિત્ર ચરણકમળની કૃપા તેમના ઉપર વરશે. હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે ખૂબ જ અલૌકિક રીતે શણગારેલ શ્રી શ્રી નિતાઈ ગૌરાંગ ની પ્રતિમાની સાંજે પાલકી નિકાળવામાં આવશે જેમાં સૌ ભકતો જોડાશે અને ઉલ્લાસપૂર્વક હરીનામ સંકિર્તન કરશે. ભગવાનને પવિત્ર નદીઓમાંથી એકત્રિત કરેલ જળના ૧૦૮ કળશ દ્વારા અભિષેક કરાવવામાં આવશે. ત્યારબાદ નિત્યાનંદ પ્રભુની કિર્તીનું મહતા દર્શાવતી આરતી સુંદર રીતે કરવામાં આવશે. ૧૦૮ પ્રકારના વિવિધ પકવાનનો ભોગ ભગવાનને અર્પણ કરવામાં આવશે.

ઉજવણીની રુપરેખા

દર્શન સમય - સવારે ૭.૧૫ થી રાત્રી ૮.૩૦ વાગ્યા સુધી
મહા અભિષેક - સાંજે ૭.૦૦ વાગે
મહા મંગલા આરતી - સાંજે ૮.૦૦ વાગે
પાલકી ઉત્સવ - સાંજે ૮.૧૫ વાગે

(૧) ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે તાજેતરમાં કેટલાં મહિલાઓને ફર્સ્ટ લેડીનું સન્માન આપી સન્માનિત કર્યાં હતાં ?
(એ) ૧૧૦
(બી) ૧૧૧
(સી) ૧૧૨
(ડી) ૧૧૩

(૨) વર્લ્ડ ઈકોનોમિક ફોરમના વ્યાપક વિકાસ સૂચકાંકમાં ભારતનો ક્રમ કેટલામો નોંધાયો છે ?
(એ) ૬૧ (બી) ૬૨
(સી) ૬૩ (ડી) ૬૪

(૩) યુરોપિયન સંસ્કૃતિની રાજધાની તરીકે હવે કયું શહેર ઓળખાશે ?
(એ) વેલેતા (બી) દાવોસ
(સી) વેમલી (ડી) શાંઘાઈ

(૪) ૨૦૧૭માં બીજા વિશ્વયુદ્ધ માટેના મેમોરિયલ મ્યુઝિયમનું ઉદ્ઘાટન ભારતના કયા રાજ્યમાં કરવામાં આવ્યું છે ?
(એ) મધ્યપ્રદેશ (બી) આસામ
(સી) પંજાબ (ડી) અરૂણાચલ પ્રદેશ

(૫) તાજેતરમાં ઈથોપિયાના સોલોમન ડેક્સિસાએ મુંબઈ મેરેથોનની કેટલામી આવૃત્તિ જીતી લીધી હતી ?
(એ) પ્રથમ (બી) પાંચમી
(સી) દસમી (ડી) પંદરમી

(૬) નવી દિલ્હી ખાતે ભારત કે વીર ગીત અને ભારતના બહાદુર જવાનો પર ટૂંકી ફિલ્મ કયા કેન્દ્રીય મંત્રીએ સામાન્ય પ્રજા માટે રજૂ કરી હતી ?
(એ) નિર્મલા સીતારામન (બી) રાજનાથસિંહ
(સી) નીતિન ગડકરી (ડી) રવિશંકર પ્રસાદ

(૭) ભારતના કયા શહેરમાં ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટીવલની ઉજવણી કરવામાં આવશે ?
(એ) દિલ્હી (બી) શિમલા
(સી) મુંબઈ (ડી) લખનૌ

(૮) તાજેતરમાં ગર્લ ચાઈલ્ડ અઠવાડિયું કાર્યક્રમની શરૂઆત કયા રાજ્યમાં કરવામાં આવે છે ?
(એ) મધ્યપ્રદેશ (બી) પંજાબ
(સી) દિલ્હી (ડી) હૈદરાબાદ

(૯) ૨૦૧૮માં બ્લાઈન્ડ ક્રિકેટ વર્લ્ડ કપ કયા દેશની ટીમે જીત્યો હતો ?
(એ) ભારત (બી) પાકિસ્તાન
(સી) શ્રીલંકા (ડી) બાંગ્લાદેશ

(૧૦) વર્ષ ૨૦૧૮ ભારત સરકારે કયા વર્ષ તરીકે જાહેર કર્યું છે ?
(એ) ઘઉં રાષ્ટ્રીય વર્ષ (બી) મકાઈ રાષ્ટ્રીય વર્ષ
(સી) બાજરી રાષ્ટ્રીય વર્ષ (ડી) ચોખા રાષ્ટ્રીય વર્ષ

ગોંડલમાં પ્રદર્શન જોવા માટે જોરદાર આકર્ષણ



ગાંધીનગર, તા. ૨૪

૨૦૦ એકરની ભૂમિ પર ફેલાયેલું સ્વામિનારાયણ નગર મહોત્સવનું મુખ્ય સ્થળ છે. આ સ્વામિનારાયણ નગરમાં સ્થિત અનેક સંસ્કારપ્રેરક પ્રદર્શનખંડો મુખ્ય આકર્ષણનું કેન્દ્ર રહેશે. ૬ વિવિધ પ્રદર્શનખંડોમાં મહાપુરુષોનાં જીવનચરિત્ર અને ઉપદેશોના આધારે સૌને સુખી અને સંસ્કારમય જીવન જીવવાની પ્રેરણા મળશે.

પ્રથમ 'પરમાનંદ' નામના પ્રદર્શનખંડમાં પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજના જીવનને લક્ષ્યમાં રાખીને બોધ આપવામાં આવશે. પ્રમુખસ્વામી મહારાજે પોતાના જીવન દરમ્યાન ૫૫ થી વધુ દેશોમાં ૨.૫ લાખથી વધુ ઘરોમાં વિચરણ કર્યું, ૭.૫ લાખ પત્રો લખ્યાં, ૧૭ હજારથી વધુ ગામડાઓમાં જઈને લાખો લોકોનાં દુ:ખ-દર્દો દૂર કરી તેમને અધ્યાત્મમાર્ગે વાળ્યા. તેઓએ સમાજ માટે વેઠેલાં અસંખ્ય કષ્ટોનો અહીં વિવિધ પ્રતિકૃતિઓ અને આધુનિક માધ્યમો દ્વારા અનુભવ કરાવવામાં આવશે. તેઓએ અગણિત તકલીફો વચ્ચે પણ અપ્રતિમ કાર્ય કર્યું તેનો આછો ચિતાર આ પ્રદર્શન ખંડમાંથી મળશે.

દ્વિતીય પ્રદર્શન ખંડ છે 'મુક્તાનંદ'. વ્યસનમુક્તિનો ઉત્તમ સંદેશ આપતો આ પ્રદર્શન ખંડ ખૂબ જ અસરકારક છે. એક યુવાનની વ્યસનથી થયેલી બરબાદીની ડોક્યુમેન્ટરી ફિલ્મ દ્વારા હૃદયદ્રાવક પ્રસ્તુતિ અહીં બતાવવામાં આવશે. અઠંગ વ્યસનીઓને પણ વ્યસન છોડવાની અહીં પ્રેરણા પ્રાપ્ત થશે.

તૃતીય ખંડ છે 'સહજાનંદ'. એનીમેશન ફિલ્મની રોમાંચક પ્રસ્તુતિ દ્વારા અહીં ભગવાન સ્વામિનારાયણના અસાધારણ જીવન અને કાર્યને દર્શાવવામાં આવશે. અક્ષરદેરી જેમનું સ્મૃતિમંદિર છે, એવા ગુણાતીતાનંદ સ્વામીનું જીવનકવન 'અક્ષરાનંદ' નામના ચોથા પ્રદર્શન ખંડમાં જાણવા મળશે. વિવિધ ચિત્રો, પ્રદર્શન અને ચોટદાર સંવાદો દ્વારા અહીં ખૂબ સુંદર રજૂઆત થશે.

નિત્યાનંદ નામના પાંચમાં પ્રદર્શન ખંડમાં પારિવારિક એકતાનો ઉપદેશ મળશે. આજે વિશ્વભરની સૌથી મોટી સમસ્યા છે, તૂટતાં ઘરો! આધુનિકતાના બહાને પરિવારમાં વધતા ક્લેશ અને કુસંપને ડામવાનો અહીં સફળ પ્રયાસ છે. સુંદર સંવાદ અને વિડિયોના માધ્યમથી ઘરમાં સુખ-શાંતિ રાખવાના ઉપાયોની આમાં સુંદર પ્રસ્તુતિ થશે. છઠો પ્રદર્શનખંડ છે 'યોગાનંદ'. ૨૫ વર્ષ સુધી ગોંડલ અક્ષરમંદિરના મહંતપદે બિરાજેલા યોગીજી મહારાજનું નિર્દોષ હાસ્ય તેમની વિશેષતા હતી. અપાર કષ્ટો, ગંભીર બીમારીઓ અને અથાગ પરિશ્રમ વચ્ચે પણ તેઓનું હાસ્ય કદી વિલાયું નો'તુ. સદૈવ બ્રહ્માનંદમાં વિચરતા એવા 'યોગાનંદ' યોગીજી મહારાજના જીવનમાંથી કેટલાક ચૂંટેલા પ્રસંગો દ્વારા અહીં હંમેશાં આનંદમાં રહેવાનું રહસ્ય શીખવા મળશે. આ સિવાય પણ સ્વામિનારાયણ નગરમાં અખંડ ભજનભક્તિની રમઝટ ભજનાનંદ નામના ખંડમાં ચાલશે. સાથે સાથે રક્તદાન યજ્ઞ દ્વારા સમાજસેવાનું ભગીરથ કાર્ય એક ખંડમાં કરવામાં આવશે. વ્યક્તિ, કુટુંબ, દેશ અને સમાજની સુખાકારી માટે વ્યસનમુક્તિ, પારિવારિક એકતા, સ્વચ્છતા અભિયાન જેવા સંદેશ વહાવતા આ પ્રદર્શનખંડો અનેકને દિવ્ય જીવન જીવવાનો માર્ગ ચીંધશે. આમ, વિવિધ પ્રદર્શન ખંડો દ્વારા આ સ્વામિનારાયણ નગર માનવ ઉત્કર્ષનો ઉતમ સંદેશ આપશે.

પ્રદર્શન ખંડોનો સમય તા. ૩૦ જાન્યુઆરી સુધી સવારે ૮.૦૦ થી રાત્રે ૧૦.૦૦ વાગ્યા સુધીનો રાખવામાં આવ્યો છે.